શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧૬ • તા. ૨૯ સપ્ટેમ્બર થી ૫ ઓક્ટોબર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.




# તપસ્વીરત્ન પ.પૂ.ગુણોદયસાગર સુરિશ્વરજી મ.સા.નો જન્મદિવસે રજત તુલા થઈ

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ,
જૂજવે સુપે અનંત ભાસે:
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે:
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઈ પટંતરો એ જ પાસે:
ભણે નરસૈંયો એ મન તણી શોધના,
પ્રીત કરૂ પ્રેમથી, પ્રગટ થાશે...!

-આદ્ય કવિ નરસિંહ મહેતા



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

B-2, Krishana Kunj,

V.L.Road, Mulund (West)

Mumbai - 400 080.

**Tel. 9769991922**

**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# પરિવર્તન એ સમયની માંગ છે

એવો સમય પણ હતો જ્યારે પરિવારમાં, વ્યવહારમાં, સમાજમાં વડીલોના ચીલે ચીલે ચાલવું પડતું. આ ભલે ગાડરિયો પ્રવાહ કહેવાતો હોય પણ વડીલોએ પોતાના જ્ઞાન અનુભવને આધારે જે વિચારસરણી સર્જી હોય વ્યવહારની કેડી કંડારી હોય એની સામન્યા મળવી એની અદબ જાળવવી હર કોઈ સંસ્કારી સભ્ય આજ્ઞાંકિત સંતાનની ફરજ છે.

વેપાર વ્યવહારમાં વડીલોના પગલે ચાલવુંએ સંતાનો માટે એકદમ સહેલુ છે. તેઓએ મેળવેલી પરંપરા પરિવારમાં ચાલતા રહેએ માવતરોને આપવામાં આવેલી સાચવણી સંભાળ છે. આ કેડી જાળવી રાખવામાં સંતાનો ગૌરવ અનુભવે છે. આ વારસો પોતાના માવતરો માટેનું સન્માન છે. જે જાળવવા માટે એનું જતન કરવા માટે સંતાનો સજાગ રહે છે.

સમાજમાં શું વર્ષો વર્ષ ચાલી આવતી રૂઢીઓ જાળવી જોઈએ? સમય સંજોગો અનુસાર એમાં પરિવર્તન કરવું શું જરૂરી નથી? સમાજના મોવડીઓ, પર સમય અનુસાર પરિવર્તન કરવાનું દબાણ હોય છે. વર્ષો વિતતા થયેલ પરિવર્તનો અનુસાર વર્તમાન સંજોગોને આધિન થઈ રૂઢિ પરંપરા, નિયમોમાં બદલાવ થાય તો જે આધે રહે છે. વ્યવહાર સંચાલનમાં સાથ મ આપનારા, આઘે રહીને માત્ર દર્શક શ્રોતા બની રહેતા પણ આમાં આભીય રીતે જોડાવવા પ્રેરાય એનાથી ઉત્તમ વસ્તુ કે વિચાર બીજો શું હોઈ શકે?

હા, પરિવર્તન આવવું જોઈએ જડ થઈ જડમૂળનને વળગી રહેવામાં જોખમ છે. જડતા છે સમય-સંજોગોને આધિન પરિવર્તન થકી નવી રૂઢિને નવી રસમને નવજીવન મળે છે, નવી હવા મળે છે. કોઈ સંપૂર્ણ નથી, કોઈના વિચારો સફળ નથી. કોઈપણ વિચાર, વર્તન પ્રત્યે ખેલદિલી રાખીને સમૂહમાં વિચારો મૂકી, તલસ્પર્શી એનાપર ચર્ચા વિચારણા કરી નવી લહેરને માટે રસ્તો મોકલો કરવો જોઈએ.

પરિવર્તન માટે વિચારની મોતળાશ હોવી જોઈએ. બંધિયારનું બંધન કોઈપણ વસ્તુને વ્યવહાર કે વિચારને કુંઠિત કરી નાંખે છે. રોકી રાખે છે. નિર્મળ વહેણને બાંધી રાખે છે. જે આગળ સમય જતાં અસંતોષ વસવસાને જન્મ આપે છે. ભૂતકાળની વાતો કરીને વીતેલા સમયમાં લટાર મારવા કરતા આઝાદ બનીને પોઝિટીવ રીતે સમુહનો વિચારને માન જાળવી તો નાતો મજબૂત બને છે. આપણની દિશાસૂઝ જ્યાં અટકી જાય ત્યાં અન્યની વિચાર ધારા શરૂ થાય એવું પણ હોઈ શકે.

આપણે વરેડવે તોડી ન શકતા હોયએ તો અસંતોષ આગળ જતાં વધે છે. જેને અટકાવવું જરૂરી હોય છે. જો વિચાર-વ્યવહાર પરિવર્તન કરવાથી બદલાય છે. મોકળાશની હવા તાજગીને તંદુરસ્તી આપે છે. વધુ સુખી સ્વાસ્થ બક્ષે છે. આ તબક્કા માંથી સૌને પસારનું આવે છે. આપણા તોર તરીકામાં બદલાય લાવીને એ પ્રત્યે મોકળાશ વિચારધારા અપનાવીશું તો આગળ જતાં આ હોર મજબૂત થશે, સંબંધ અતૂટ રહેશે.

પરિવર્તન સંસારનો નિયમ છે અ સમાતમ સત્ય છે. જે કોઈનાથી બદલી શકાશે નહી. જો અંતરમાં સહજતાને સરળતાની જગા હશે તે પરિવર્તનને લાવવાની તેને જોવાની ને તેમાંથી પસાર થવાની મધા આવશે એ નક્કી છે.

જય જ્ઞાતિમૈયા

# તપસ્વીરત્ન પ.પૂ.ગુણોદયસાગર સુરિશ્વરજી મ.સા.નો જન્મદિવસે રજત તુલા થઈ







અચલગચ્છના મુખ્ય આચાર્ય અને જીનશાસનમાં અદકેરૂં સ્થાન ધરાવતા ગુણોદયસાગર સુરિશ્વરજી મ.સા.ના ૮૭મા જન્મદિનની ગઢશીશા વીશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન અને જૈન મિત્રમંડળ મુંબઈ-ગઢશીશા તથા સંવત ૨૦૭૪ના ચાર્તુમાસ સંઘપતિ પરિવારોના નેજા હેઠળ ભાવભેર ઉજવણી કરાઈ હતી જેમાં ગુણોદયસાગર સુરિશ્વરજીની રજતતુલા કરાઈ હતી.

આ ઉજવણીના પ્રારંભે ગુણોદયસાગર સુરિશ્વરજી મ.સા.એ માંગલિક સંભળાવ્યું હતું. આ ભવ્ય જન્મદિન સમારોહમાં રાજ્યમંત્રી વાસણભાઈ આહિર, સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ રાજ્યમંત્રી તારાચંદ છેડા, પૂ.ચંદુમા સહિત કચ્છના અનેક અગ્રણીઓ તેમ જ સાધુ ભગવંતો ઉપસ્થિત રહ્યાં હતા.

# દુષ્કાળ પરિસ્થિતિથી ચિંતિત અબડાસા તાલુકા પાંજરાપોળના સંચાલકોની મિટીંગ યોજાઈ

કચ્છ અબડાસાના દુષ્કાળની સામૂહિક ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા જખૌ, તેરા, નલિયા, કોઠારા અને સુથરી પાંજરાપોળના ટ્રસ્ટી/અધિકારીઓ જયેશભાઈ જૈનની મુલુંડ ઓફિસ મધ્યે પ્રવીણભાઈ લોડાયા, આરિખાણાવાળાની આગેવાની હેઠળ તા. ૨૫/૯/૧૮ ના મળ્યા હતા.

ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

૧ સર્વે પાંજરાપોળ ના અધિકારીઓ એ સાથે મળી ઘાસચારા મેળવવા કાર્ય કરવું.

૨ સારું અને સસ્તું ઘાસ મેળવવા એકબીજાને સાથે મળી પ્રયત્ન કરવા અને બધાને તેની જાણ કરવી.

૩ હમણાં બધા પાંજરાપોળ પાસે ૬/૭ મહિના ચાલે તેટલો ઘાસચારો છે, પણ આપણા આગળ એક વર્ષ ચાલે તેટલો ઘાસચારો હોવો જોઇએ.

૪ અન્ય રાજ્યો માંથી ચારો મળે તેવી વ્યવસ્થા કરવી.

૫ સામૂહિક જાહેખબરની વ્યવસ્થા કરવી.

૬ જ્ઞાતિજનો પાસેથી પાંજરાપોળ માટે ડોનેશન મેળવવા સામૂહિક પ્રયત્ન કરવા.

ઉપરોક્ત મિટિંગ મધ્યે પ્રવીણભાઈ લોડાયા, નરેન્દ્ર દંડ, કીર્તીભાઈ લોડાયા, દિનેશ અજાણી, રાયચંદ લોડાયા, પિનાકીન ભાઈ, ભરતભાઈ મૈશેરી વગેરે ઉપસ્થિત હતા.

---

LAST FEW SEATS LEFT HURRY UP..... THE BEST OPPORTUNITY FOR THE YOUNGSTER - FILL THE FORM

Registeration Link : **http://bit.ly/regyouthfest2018**

Last Date : 25th October 2018

**Shree Samast KDO Jain Mahajan YUVA Committee Organise**




So pull up your socks & get ready for

* Power Packed Seminars * Enlightment on Goal Setting * Vision Development * Treasure Hunt * Team Building Games * Campfire * Garba Night ......and much more

**Date: 23 Dec. 2018 To 25 Dec. 2018**

Criteria :

*** 16 yrs to 35 yrs Unmarried * Limited Seats**

*** No Entry Fees * Registration Compulsory**

Hope to see you all in Huge Numbers.

For Details Contact : **9769502277, 9579787800, 9769991922**

**Venue: Naliya, Kutch**

# તિરપુર પાસે પોલ્લાચી ગામે રક્તદાન કેમ્પ યોજાયો







તિરપુરથી આશરે ૫૦ કિ.મી. દૂર આવેલા પોલ્લાચીની ગવર્મેન્ટ હોસ્પિલ ખાતે રવિવાર તા. ૨૩ સપ્ટેમ્બરના મુયારચી મક્કલ અમાઈપુ સંસ્થા દ્વારા ગરીબ દર્દીઓ માટે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૬ યુનિટ બ્લડ રક્તદાતાઓએ આપ્યું હતું. આ કેમ્પનો પ્રારંભ સવારના ૯.૩૦ કલાકે થયો હતો અને પૂર્ણાહુતિ બપોરના ૧.૩૦ કલાકે થઈ હતી. તિરપુર ક.દ.ઓ. સમાજના સતીષ એચ. નાગડા આ કેમ્પના આયોજકોમાંના એક હતા.







# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ–મુલુંડ દ્વારા

# ‘‘સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સમારોહ

શ્રી ક.દ.ઓ સર્વોદય મંડળ-મુલુંડ નેજા હેઠળ દર વર્ષની જેમ આ વર્ષે પણ મુલુંડમાં વસતા વિદ્યાર્થીઓ માટે ‘‘સરસ્વતી સન્માન’’ કાર્યક્રમનું આયોજન રવિવાર તા. ૨૮-૧૦-૨૦૧૮ ના બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે ફ્રેન્ડસ કો.ઓ. શાળા, મુલુંડ (વે) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ તેજ સ્થળે મહિલા વિભાગના વાર્ષિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

મંડળ દ્વારા નીચે જણાવેલ કેટેગરી પ્રમાણે અરજી સ્વીકારવામાં આવશે. ધો. ૧ થી ૫ - ૮૫ % કે તેનાથી ઉપર, ધો. ૬ થી ૯ - ૮૦ % કે તેનાથી ઉપર, ધો. ૧૦ - ૮૫ % થી ઉપર, ધો. ૧૧ અને ૧૨ - ૭૫ % થી ઉપર, ધો. ૧૩ થી ૧૫ - ૬૦ % થી ઉપર. તદ ઉપરાંત ‘‘પોસ્ટ ગ્રેજયુએટ’’ કોર્સમાં ઉર્તિણ વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. ઉપરોક્ત શ્રેણી પ્રમાણે અરજી કરવા મંડળના વેબ પોર્ટલ ‘‘www.kdosarvodaymandal.org’’ પર સરસ્વતી સન્માન કાર્યક્રમમાં રહેલ ‘‘Online’’ ફોર્મ ભરવાનું રહેશે. આ ફોર્મની સાથે રીઝલ્ટની કોપી ‘‘અપલોડ’’ કરવાની રહેશે. આ અરજી કરવાની અંતિમ તારીખ ૧૫-૧૦-૨૦૧૮ રહેશે. ત્યારબાદ કોઈપણ અરજી સ્વીકારવામાં નહીં આવે.

---

# ભરો ફોર્મ... ઓનલાઈન : નારી શક્તિ ૨૦૧૮ રજીસ્ટ્રેશન લીંક

**https://docs.google.com/forms/d/e/1FAIpQLSfCpag5hr46HHZQE3XLCfB5OaGRV_DUxgkv6_Vg4P8r_ywN_g/viewform**

**ઓપન કરી અને ફોર્મ સબમીટ ૨૫ ઓક્ટોબર ૨૦૧૮ સુધી કરશો.**

નારી શક્તિ 2018

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

### નારી સશક્તિકરણ સમિતિ આયોજિત

# નારી શક્તિ ૨૦૧૮

### તાઃ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૮માં સહભાગી થાવ

**યોગ્યતાના ધોરણે ૩૦૦ મેમ્બરોને આમંત્રણ આપવામાં આવશે.**

આ સેમિનારનું મુખ્ય આકર્ષણ આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે. ★ એન્ટ્રી નિશુલ્ક ★ નોંધણી ફરજિયાત

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫ ઓક્ટોબર ૨૦૧૮**

**વિગતો માટે સંપર્ક કરો :**

**મનીષભાઈ લોડાયા - ૯૭૬૯૯ ૯૧૯૨૨**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજીત પ.પૂ. ગચ્છાધિપતિ સાંવત્સરી વંદન તથા અબડાસાની બંને પંચતીર્થી-ચૈત્ય પરિપાટી





તા.૨૧-૦૯-૨૦૧૮ શુક્રવાર બપોરે ૩.૦૦ કલાકે દાદર સ્ટેશનથી સયાજી એક્સપ્રેસ ટ્રેન દ્વારા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા યોજાયેલ પર્વાધિરાજના પાંચ કર્તવ્યમાંના એક કર્તવ્ય ચૈત્ય પરિપાટીનું દર વર્ષની જેમ આયોજન કરાયું. મુખ્ય દાતા- માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી, સુથરી/વરલી પરિવાર તથા સહાયક દાતા -માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા રાપર ગઢવારી, વાલકેશ્વર હસ્તે નિશાબેન હિતેશ મોતા પરિવારના સહયોગે ૧૦૮ યાત્રિકો સહ પ.પૂ.અચલગચ્છાધિપતિશ્રી તપચક્રવર્તી તપસ્વીરત્ન આ.ભ.શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા. તથા ચાતુર્માસાર્થે બિરાજમાન સાધુ સાધ્વીજી ભગવંતોને સાંવત્સરી વંદન તેમજ અબડાસાની બંને પંચતીર્થીના ચૈત્યોને જુહારવા ભુજ તરફ ભાવોલ્લાસથી પ્રયાણ.

દાદર સ્ટેશનથી ટ્રેન શરૂ થતા કાર્યકરો દ્વારા ચા-દૂધ-કોફી તેમજ નાસ્તાના પેકેટોનું વિતરણ કરવામાં આવેલ. યાત્રિકો પણ નવા સહયોગીઓ જોડે વાર્તાલાપ નવી-જુની ઓળખાણોને સ્મૃતિપટ પર અંકિત કરતા આનંદની પળો વિતાવતા મુસાફરીનો આનંદ માણી રહ્યા હતા. સાંજના ૫.૧૫ વાગતા કાર્યકરો દ્વારા સાંધ્ય ભોજનની સામગ્રીઓનું પાણી વગેરેનું વિતરણ શરૂ થઈ ગયું. ચૌવિહાર કર્યા બાદ યાત્રિકોમાંના એક સંગીતકાર/ગાયક શ્રી લહેરચંદ મણશી પોલડિયા દ્વારા પોતાના ટ્રેનના કોચમાં સ્તવનોની રમઝટ ભાવના રૂપે પ્રગટ કરી યાત્રિકોને ભાવ વિભોર કરી પ્રભુમય બનાવી દીધા.

રાત્રે નિંદ્રાદેવીને હવાલે થઈ પ્રાઃત ૫.૫૪ કલાકે ગાંધીધામ રેલ્વે સ્ટેશન આવતા સજાગ થઈ દૈનિક પ્રાતઃક્રિયા પતાવી ભુજ સ્ટેશન આવવાની રાહ જોતા સમયસર ટ્રેન દ્વારા સ્ટેશન ૭.૦૦ કલાકે પહોંચી, અગાઉથી તુફાન વાહનના નંબર ફાળવ્યાપ્રમાણે પોતાને ફાળેઆવેલ તુફાન નંબરના વાહનમાં સામાનની ગોઠવણ કરી નવકારશી તથા પ્રભુ સેવા-પૂજા માટે પાર્શ્વવલ્લભ ઈન્દ્રધામ, જખ્ખ બોંતેરાની સામે આવેલ તીર્થધામ તરફ ૭.૩૦ કલાકે પ્રસ્થાન.

સમયાનુસાર સેવા પૂજા નવકારશી ગ્રહણ કરી વાહન દ્વારા ગચ્છાધિપતિશ્રીને સાંવત્સરી વંદન કરવા ગઢશીશા તરફ પ્રયાણ.

**ગઢશીશા** મહાજન તરફથી ભવ્યાતિભવ્ય સામૈયું જિનાલયમાં જ્યાં પ્રથમ તીર્થાધિપતિ શ્રી આદેશ્વર ભગવાન બિરાજમાન છે ત્યાં ચૈત્યવંદન કરી બિરાજમાન પ.પૂ.અચલગચ્છાધિપતિશ્રી તપચક્રવર્તી તપસ્વીરત્ન આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને સામૂહિક દ્વાદશાવર્ત સાંવત્સરી વંદન કરી માંગલિક શ્રવણ તેમજ પ.પૂ.જ્યોતિષાચાર્ય આ.ભ.વીરભદ્રસાગરસુરીશ્વરજીને સાંવત્સરી વંદન તથા પ્રસંગોચિત વ્યાખ્યાન શ્રવણ કરેલ. ગઢશીશા મહાજન તરફથી દાતા પરિવાર તેમજ શ્રી મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાનું બહુમાન કરવામાં આવેલ. ગઢશીશા મહાજન તરફથી સંઘપૂજન તેમ જ સાધર્મિક ભક્તિનું આમંત્રણ સ્વીકારી માનદમંત્રી રમેશ હીરજી લોડાયા દ્વારા પૂ.ગુરૂભગવંતોને શાતા તપસ્વી યાત્રિકોને શાતા, પ્રણામ કર્યા બાદ પ્રવાસની માહિતી અપાઈ તેમજ ગઢશીશા મહાજન તેમજ ટ્રસ્ટનો આભાર માની સાધાર્મિક ભક્તિનો લાભ આપ્યા બાદ ડુમરા તરફ પ્રયાણ કરેલ.

ડુમરા મહાજનના ટ્રસ્ટીઓ તથા સ્થાનિક ભાઈ બહેનો દ્વારા ઉમળકાભેર સામૈયા દ્વારા આવકાર આપવામાં આવેલ. ડુમરામાં જિનાલયે દર્શન વંદન કરી ૧૦૦માં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.મુનિરાજ કમલપ્રભસાગરજી મ.સા. તેમજ મુનિ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજીત પ.પૂ.ગચ્છાધિપતિ સાંવત્સરી વંદન તથા અબડાસાની બંને પંચતીર્થી-ચૈત્ય પરિપાટી (૮મા પાનેથી ચાલુ)





ભગવંતોને સાંવત્સરી વંદન કરી માંગલિક શ્રવણ તથા ડુમરા મહાજન તરફથી મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાનું બહુમાન કરવામાં આવેલ સંઘ પૂજન ડુમરા મહાજન તરફથી થયેલ. ચા-કોફીનો લાભ આપી કોઠારા તરફ પ્રયાણ કરેલ.

ચૈત્ય પરિપાટીના આયોજન મુજબ અબડાસાની બંને પંચતીર્થી માંનું પ્રથમ તીર્થ એટલે કોઠારા ભવ્ય જિનાલયમાં દર્શન-વંદન કરી બિરાજમાન સાધ્વીજી નમ્રગુણાશ્રી મ.સા.ને સાંવત્સરી વંદન કરી માંગલિક શ્રવણ કર્યા બાદ મહાજન/ટ્રસ્ટ તરફથી અધિકારીઓનું બહુમાન તથા સંઘ પૂજન સ્વીકારી ચા-કોફીને ન્યાય આપી વાંકુ તરફ પ્રયાણ જ્યાં મૂળનાયક શ્રી અજીતનાથ ભગવાન બિરાજમાન છે. નૂતન જિનાલય બનાવી આ વર્ષ પુનઃપ્રતિષ્ઠા કરાયેલ છે સ્થાનિક સભ્યો દ્વારા માનદમંત્રી રમેશ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ તથા સંઘ પૂજન સર્વે યાત્રિકોનું કરાયો.

વાંકુથી વારાપધર તરફ પ્રયાણ જિનાલયમાં દેવ-દર્શન કરી ઘડિયાળની ગતિને ધ્યાનમાં રાખી પરજાઉના મેનેજર રમેશભાઈ જોડે મસલત કરી આજની યાત્રા તા.૨૩-૯-૨૦૧૮ ઉપર મુલતવી રાખી ચૌવિહાર માટે સાંયરા તરફ પ્રયાણ કરેલ. સમય અનુકુળતા મુજબ સર્વેને સાંયરા સંઘની મંજુરીથી પ્રથમ મહાજનવાડીમાં સાંધ્ય ભોજન (ચૌવિહાર) માટે સર્વે યાત્રિકોને લઈ જવામાં આવ્યા.

સાંયરામાં ધામધૂમથી સામૈયું કરવામાં આવેલ. સાંયરા નગરે ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી ચારુપ્રજ્ઞાશ્રી મ.સા. તથા અનંતયશાશ્રી મ.સા. આદિ ઠાણાઓ ને સાંવત્સરી વંદન તથા પૂજ્યશ્રીનું પ્રેરણાદાયી માંગલિક તથા સાહેબજીના જન્મ દિવસે મહાજનશ્રીએ અચૂક જવું જોઈએ નું સુચન થયેલ. યાત્રિકોમાંથી હેમલતાબેન અશોક દંડ, વરાડિયા તેમજ અન્ય શ્રાવિકાઓ એ પ્રત્યુત્તર આપતા જણાવેલ કે મુંબઈ મહાજનશ્રી દ્વારા પ્રતિ વર્ષ ચૈત્ય પરિપાટીમાં જઈએ છીએ પરંતુ આ વર્ષે ગચ્છાધિપતિશ્રીને સામૂહિક દ્વાદશાવર્ત સાંવત્સરી વિધિપૂર્વક વંદન કરવાનો જે અવસર મળ્યો તે જીવન ભર સ્મરણીય રહેશે. મુંબઈ મહાજનશ્રી તરફથી રમેશ લોડાયા દ્વારા શનિવાર-રવિવારની રજાનો સદુપયોગ તથા નોકરીએ જતાં યાત્રિકો સોમવારે પોતાના કાર્યાલયમાં હાજરી આપી શકે તેનો યોગાનુયોગ પ્રાપ્ત થતાં આ વ્યવસ્થા કરવી પડેલ તેમજ (ક્ષમા વીરસ્ય ભૂષણમ) મિચ્છામિ દુક્કડમ માંગેલ. સાંયરા સંઘ/મહાજન તરફથી શ્રી મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ તથા દાતા પરિવારના શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાનું બહુમાન કરવામાં આવેલ તથા વડોદરા સંઘ તેરા મુકામે પખવાજ માટે પધારેલ. સાંયરા મુકામે સાથે થઈ જતાં તેમના આગેવાનનું પણ બહુમાન કરવામાં આવેલ.

સાંધ્ય આરતીનો સમય થતાં સાંયરા સંઘ તરફથી જિનાલય દર્શન-વંદન કરી સર્વે યાત્રિકોને આરતી-મંગળ દીવો કરવાનો લાભ મળ્યો. સાંધાણ તરફ પ્રયાણ કરતા પહેલા ચાતુર્માસ દાતા પરિવાર માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા, સાંયરા તરફથી સંઘપૂજન કરવામાં આવેલ. સાંયરાથી સાંધાણ તરફ દેવ-દર્શન કરવા પ્રયાણ સમય થઈ જતાં શ્રી કીર્તિભાઈ, શ્રી દિનેશભાઈ ધરમશી તરફથી ફોન દ્વારા સતત સંપર્ક રાત્રે ૮.૧૫ કલાકે પણ ઢોલ-શરણાઈ દ્વારા સામૈયું કરી સ્વાગત કરવામાં આવેલ. મહાજન અધિકારી રમેશ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. સાંધ્ય આરતી-મંગળ દીવો યાત્રિકો દ્વારા કરવામાં આવેલ. રૂા.૧૦/-નું સંઘપૂજન થયેલ.

સાંધાણથી સુથરી રાત્રિ મુકામ માટે યાત્રિકો દ્વારા વાહન દ્વારા પ્રયાણ રાત્રે ૮.૪૫ કલાકે પણ શ્રી સુથરી સંઘ દ્વારા

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજીત પ.પૂ.ગચ્છાધિપતિ સાંવત્સરી વંદન તથા અબડાસાની બંને પંચતીર્થી-ચૈત્ય પરિપાટી (૯મા પાનેથી ચાલુ)





ભવ્ય સામૈયું કરવામાં આવેલ. બંને યાત્રિક ગૃહોમાં રૂમની ફાળવણી પ્રમાણે યાત્રિકો થાક્યાપાક્યા સંપૂર્ણ દિવસની યાદો મમળાવતા નિંદ્રાદેવીને શરણે થયા. વહેલી સવારે ૬.૦૦ કલાકે પક્ષાલ પૂજાની ખાસ વ્યવસ્થા શ્રી સુથરી સંઘ તરફથી સમય જાળવણી તથા આગળના પ્રવાસની સુગમતા જાળવવા કરાયેલ. યાત્રિકોએ પક્ષાલ, પૂજા, આરતી-મંગળ દીવાનો ખૂબજ ઉલ્લાસિત ભાવોથી ઉચ્ચ ઉછામણીની બોલીનો લાભ લીધેલ.

સુથરીમાં સેવા-પૂજા, નવકારશી કર્યા બાદ વ્યાખ્યાન હોલમાં એકત્ર થઈ પ.પૂ.સાધ્વીજી મહાયશાશ્રીજી મ.સા.ને સાંવત્સરી વંદન તથા માંગલિક શ્રવણ કર્યા બાદ સુથરી સંઘ તરફથી મહાજનના ધાર્મિક સમિતિના કન્વીનરો શ્રી નરેશભાઈ ખોના, શ્રી હિરેન નવિનચંદ્ર લાપસીયા તથા અધિકારી રમેશ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. સંઘપૂજન સ્વીકારી વાહન દ્વારા રાપર અબડાસા ગૌશાળા તરફ પ્રયાણ....

શ્રી કલ્પેશભાઈ મોતા તથા સાથીઓ દ્વારા પ્રવેશ વેળાએ સંઘ પૂજન કરવામાં આવેલ. ગૌશાળા વિસ્તાર તથા ગૌમાતાઓના દર્શન તેમજ વ્યવસ્થા નિહાળતા સૌ આનંદવિભોર થઈ ગયા. લીમડાના વૃક્ષ નીચે છાંયડામાં મીઠીમધુરી છાશ દ્વારા તૃષ્ણા છીપાવતાં છીપાવતાં રાપર ગામમાં ગોડી પાર્શ્વનાથના દર્શન-વંદન કરી દાતા માતુશ્રી તારાબાઈ માણેકજી પરિવારના બંગલામાં સંઘ-યાત્રિકોએ પાવન પગલા કર્યા. જ્યાં મહાજનશ્રી દાતા પરિવારો તથા યાત્રિકોના સહયોગથી રૂા.૫૦૦/-નું સંઘપૂજન તેમજ મહાજનશ્રી તથા દાતા પરિવારો દ્વારા ચૈત્ય પરિપાટી-પંચતીર્થીના સંભારણા રૂપે ૧૦ ગ્રામના સિલ્વર (કોઈન/સિક્કા) મોમેન્ટો દ્વારા સંઘપૂજન કરવામાં આવેલ. બંગલામાં પરિવાર તરફથી કેસરી લસ્સીની વ્યવસ્થા કરવામાં આવી હતી. અનૂકૂળતા પ્રમાણે લાભ આપી, મોટી સિંઘોડી તરફ પ્રયાણ, જ્યાં ખાસ મહાજનશ્રીનું સ્વાગત માટે પ્રમુખ હર્ષાબેન લોડાયા, શ્રી હેમાંગ લોડાયા, ટ્રસ્ટીજન શ્રી તિલકભાઈ લોડાયા, શ્રી દિનેશભાઈ તથા વીણાબેન મોતા, શ્રી મુલચંદબાઈ મૈશેરી, શ્રી ખુશાલભાઈ મૈશેરી, ખાસ મુંબઈથી પધારેલ. ધમાકેદાર સામૈયા દ્વારા સ્વાગત કરવામાં આવેલ. દેવદર્શન વિધિ કર્યા બાદ વ્યાખ્યાન હોલમાં મહાનુભવો દ્વારા અધિકારીઓનું, ટ્રસ્ટીશ્રી કમલેશભાઈ સોની, શ્રી નરેન્દ્રભાઈ શિયાલનું તથા શ્રી રાયચંદ જીવાણીનું બહુમાન કરવામાં આવેલ. શ્રી દિનેશભાઈ દ્વારા ટુંકમાં પરિચય વિધિ કરાવવામાં આવેલ. વ્યવસ્થાપ્રમાણે દૂધ તથા સંઘપૂજનનો લાભ લઈ શ્રી ખુશાલભાઈ મૈશેરીના આગ્રહને વશ થઈ એમના મકાનમાં સકળ સંઘે પગલા કરી વાહન દ્વારા પરજાઉ તરફ પ્રયાણ. ટ્રસ્ટીશ્રી હરીશભાઈ વિકમશી તથા સ્થાનિકો દ્વારા સામૈયા દ્વારા સત્કાર. દેવદર્શન કર્યા બાદ અધિકારી શ્રી રમેશ લોડાયાનું બહુમાન તથા લીંબુ પાણી/ક્લીંગર ફ્રુટ દ્વારા તૃષ્ણાપૂર્તિ કરતા સંઘે લાલા તરફ પ્રયાણ કરેલ.

લાલામાં ચંદ્રપ્રભુ દાદાને જુહારી, જખૌ તીર્થ તરફ પ્રયાણ કરેલ. જખૌમાં તીર્થના ટ્રસ્ટી શ્રી રાયચંદભાઈ જીવાણી, સ્થાનિકો દ્વારા બેડલા, ઢોલ-શરણાઈ દ્વારા ભવ્ય સામૈયું કરવામાં આવેલ. ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી આનંદકીરણાશ્રીજી મ.સા.ને સાંવત્સરી વંદન તથા માંગલિક શ્રવણ. સંઘ તરફથી મહાજન અધિકારી તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોનું બહુમાન તથા સંઘપૂજન સ્વીકારી, દેવદર્શન કરી બપોરની સાધર્મિક ભક્તિ માટે ભોજનાલય તરફ પ્રયાણ. જખૌ તીથથી નલિયા તીર્થે શ્રી ચંદ્રપ્રભુ દાદાને જુહારવા પધરામણી સ્થાનિકો તરફથી સ્વાગત. દેવદર્શન કર્યા બાદ સાધ્વીજી ભગવંતને સાંવત્સરી વંદન માંગલિક શ્રવણ. સંઘ તરફથી માનદ્ મંત્રી શ્રી રમેશભાઈ લોડાયાનું બહુમાન કરાયેલ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજીત પ.પૂ.ગચ્છાધિપતિ સાંવત્સરી વંદન તથા અબડાસાની બંને પંચતીર્થી-ચૈત્ય પરિપાટી (૧૦મા પાનેથી ચાલુ)





તથા સંઘપૂજન સ્વીકારી તેરા તીર્થ તરફ પ્રયાણ.

તેરા તીર્થ પહોંચતા દેવદર્શન કરી સમયને લક્ષમાં રાખતા ચૌવિહાર માટે ભૂજ પહોંચવું અનિવાર્ય હોતા. રંજ સાથે ઉતાવળે ભૂજ તરફ પ્રયાણ કરેલ. ભૂજમાં વ્યવસ્થા પ્રમાણે નવનીતમાં ચૌવિહાર કરી વાહનો દ્વારા કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા મુંબઈ તરફ રાત્રે ૮.૧૫ કલાકે મુંબઈ તરફ પ્રયાણ.

સવારે સૂરત સ્ટેશને એક સદ્‌ગૃહસ્થ તરફથી હસ્તે મહાજનશ્રીના ખજાનચી શ્રી અતુલભાઈ ડુંગરશી ઘરમશી દ્વારા નવકારશીની વ્યવસ્થા. ખૂબ જ સારી રીતે પેકીંગ કરેલ બોક્સ સ્વીકારી નવકરશી સમયે કાર્યકરો દ્વારા ચા-કોફી-નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ.

નવકારશી બાદ યાત્રિકોને મિચ્છામિ દુક્કડમ કરતા પ્રવાસમાં મુશ્કેલીનો યુવાન કાર્યકરો દ્વારા સુખદ માર્ગ ઉકેલવાની કળાનો શ્રી મુંબઈ મહાજન દ્વારા ભૂરિ ભૂરિ અનુમોદના.

અંતે મુંબઈ મહાજનશ્રી દ્વારા આયોજીત ચૈત્ય પરિપાટી, સાંવત્સરી વંદના આયોજનમાં.

મુખ્ય દાતા પરિવાર માતશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ઘરમશી (સુથરી/વરલી) તથા સહાયક દાતા માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા(રાપર/વાલકેશ્વર)

દરેક જીનાલયમાં અષ્ટપ્રકારી સામગ્રીના પેકેટ ઘરાવવા માતુશ્રી મંજુલાબાઈ શામજી ખોના (સુથરી/મસ્જિદ) હસ્તે: કુંદનબેન નરેશ ખોના.

સુરત સ્ટેશને નવકારશી-એક સદ્‌ગૃહસ્થ હસ્તે અતુલભાઈ ડુંગરશી ઘરમશી (સુથરી/ડોંબિવલી).

દરેક સંઘ મહાજન-નાની મોટી પંચતીર્થીના ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્થાનિકો જેમણે શ્રી મુંબઈ મહાજનશ્રીના યાત્રિકોનો દરેક તીર્થમાં ઉષ્માભર્યો ઉચ્ચિત સ્વાગત તથા બહુમાન કરી જ્ઞાતિ અસ્મિતાને ચાર ચાંદ લગાડવા બદલ.

શ્રીમતી હેમલતાબેન અશોક દંડ (વરાડિયા/મુલુંડ) દર વર્ષની જેમ અત્તરની બાટલી દ્વારા સંઘપૂજન. બધા શ્રેષ્ઠીઓનો, દાતાશ્રીઓનો મળેલ અમૂલ્ય સહયોગ.

યાત્રિકોના સાથ, સહકાર વગર કોઈ આયોજન સુવ્યવસ્થિત થાય જ નહીં. જે માટે સૌ દાતાઓ, યાત્રિકો, કાર્યકરો જેમણે સુંદર સાથ આપી ચૈત્ય પરિપાટીની સફળતાને ઉચ્ચ શિખરે પહોંચાડી.

સર્વે કાર્યકરો જેમણે તન-મન-ધનથી શ્રી મુંબઈ મહાજનશ્રીના આયોજનમાં સુંદર વ્યવસ્થા જાળવવામાં ખાસ કરી મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા શ્રી મસ્જિદ બંદર સંઘના સર્વે યુવા કાર્યકરોની શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા ખોબલે ખોબલે અનુમોદના....

તેમજ મન-વચન-કાયાથી શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના અધિકારીઓ, ધાર્મિક સમિતિના કન્વીનરો તરફથી મિચ્છા મિ દુક્કડમ્.

॥ શ્રી ચક્રેશ્વરી માને નમઃ ॥ ॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥ ॥ શ્રી મહાકાળી માને નમઃ ॥

# શ્રી અનંત મિત્ર મંડળ – ભાંડુપ

D-61, અનંત સિદ્ધી, જૈન મંદીર કમ્પાઉન્ડ, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વેસ્ટ) ૪૦૦ ૦૭૮.

શ્રી અચલગચ્છ અધીષ્ઠાયીકા દેવી શ્રી મહાકાળી માતાજીની નવરાત્રી-ભાવના દર વર્ષની જેમ જ (૨૪) ચોવીસમાં વર્ષે વિધી-વિધાનથી રાસ ગરબા સાથે ભાવપૂર્વક નીચે લખેલા રોજના ૬ (છ) ભાવીકો તરફથી શ્રી આદીઅનંત આરાધના ભવન (નૂતન હોલ) માં રાતના ૯.૦૦ થી ૧૧.૦૦ ભણાંવવામાં આવશે. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો નેજ પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

તમારા એક નામના રૂા. ૮૦૦/- (આઠસો) ભાવનાના દિવસે વિનયભાઈ પાસે જમા કરાવી દેશોજી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| આસો સુદ ૧<br>બુધવાર<br>તા. ૧૦-૧૦-૨૦૧૮ | શ્રી વિજ્યાબેન હરીશભાઈ ડાઘા | - | વરાડીયા | - | ભાંડુપ |
| | શ્રી રમીલાબેન દિનેશભાઈ દંડ | - | સાંધવ | - | ભાંડુપ |
| | શ્રી જ્યોત્સનાબાઈ દામજીભાઈ દંડ | - | સાંધવ | - | ભાંડુપ |
| | શ્રી લતાબેન ઝવેરચંદભાઈ દંડ | - | સાંધવ | - | ભાંડુપ |
| | શ્રી તારાબેન નવીનચંદ્રભાઈ છેડા | - | વારાપધર | - | ભાંડુપ |
| | શ્રી નયનાબેન નરેશભાઈ મૈશેરી | - | જખૌ | - | ભાંડુપ |
| આસો સુદ ૩<br>ગુરૂવાર<br>તા. ૧૧-૧૦-૨૦૧૮ | શ્રી વિજ્યાબેન કુંવરજીભાઈ લોડાયા | - | રાપર ગઢવારી | - | ભાંડુપ |
| | શ્રી પીન્કીબેન કમલેશભાઈ ધરમશી | - | જસાપુર | - | ભાંડુપ |
| | શ્રી મીનાબેન ભાવેશભાઈ નાગડા | - | જખૌ | - | ભાંડુપ |
| | શ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદભાઈ શીયાડ | - | જખૌ | - | ભાંડુપ |
| | શ્રી પરીતાબેન રાજેશભાઈ મોમાયા | - | મોટી સિંઘોડી | - | ભાંડુપ |
| | શ્રી પ્રભાવંતીબેન મુલજીભાઈ લોડાયા | - | સેવક ભરૂડીયા | - | ભાંડુપ |
| આસો સુદ ૪<br>શુક્રવાર<br>તા. ૧૨-૧૦-૨૦૧૮ | શ્રી ખેતબાઈ હંસરાજભાઈ લોડાયા | - | આરીખાણા | - | મુલુંડ |
| | શ્રી પુષ્પાબેન દામજીભાઈ લોડાયા | - | બાંડિયા | - | ભાંડુપ |
| | શ્રી મધુરીબેન લહેરચંદભાઈ ડાઘા | - | વરાડીયા | - | ભાંડુપ |
| | શ્રી મધુરીબેન ચંદ્રકાંતભાઈ મોમાયા | - | વરાડીયા | - | નાહુર |
| | શ્રી નિલમબેન વિજયભાઈ મૈશેરી | - | નાની સિંઘોડી | - | મુલુંડ |
| | શ્રી નીનાબેન જયેશભાઈ દંડ | - | નલીયા | - | મુલુંડ |
| આસો સુદ ૫<br>શનિવાર<br>તા. ૧૩-૧૦-૨૦૧૮ | શ્રી મેઘબાઈ કેશવજીભાઈ લોડાયા | - | બાયઠ | - | ભાંડુપ |
| | શ્રી નવલબેન ગોવિંદજીભાઈ ખોના | - | કોઠારા | - | મુલુંડ |
| | શ્રી લીલાવંતીબેન ચાંપશીભાઈ ખોના | - | સાંયરા | - | કલ્યાણ |
| | શ્રી દીપાબેન પ્રદીપભાઈ દંડ | - | લાલા | - | ભાંડુપ |
| | શ્રી જયાબેન ચીમનભાઈ મોમાયા | - | વરાડીયા | - | ભાંડુપ |
| | શ્રી દિનાબેન ફાલ્ગુનભાઈ ખોના | - | નલીયા | - | ભાંડુપ |
| આસો સુદ ૫<br>રવીવાર<br>તા. ૧૪-૧૦-૨૦૧૮<br>રાત્રે | શ્રી રતનબાઈ લાલજીભાઈ ખોના | - | તેરા | - | મુલુંડ |
| | શ્રી લક્ષ્મીબાઈ નારાણજીભાઈ ખોના | - | તેરા | - | માટુંગા |
| | શ્રી કાંતાબેન હીરાલાલભાઈ પોલડીયા | - | બાયઠ | - | ભાંડુપ |
| | શ્રી પુષ્પાબેન પ્રવિણભાઈ લોડાયા | - | સાંધવ | - | થાણા |
| | શ્રી જયાબેન લક્ષ્મીચંદભાઈ દંડ | - | સાંધવ | - | ભાંડુપ |
| | શ્રી તારાબેન ચીમનભાઈ નાગડા | - | રાપર ગઢવારી | - | ભાંડુપ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| આસો સુદ ૬<br>સોમવાર<br>તા. ૧૫-૧૦-૨૦૧૮ | શ્રી લક્ષ્મીબાઇ ટોકરશીભાઇ લોડાયા | - | રવા | - | ભાંડુપ |
| | શ્રી સરલાબેન કિરણભાઇ મોમાયા | - | સુથરી | - | ભાંડુપ |
| | શ્રી રતનબેન હીરાલાલભાઇ લોડાયા | - | સાંધવ | - | ભાંડુપ |
| | શ્રી ગીતાબેન તિલકભાઇ મોતા | - | રાપર ગઢવારી | - | ભાંડુપ |
| | શ્રી રશ્મિબેન ભાવેશભાઇ વોરા | - | ગોએરસમા | - | ભાંડુપ |
| | શ્રી વર્ષાબેન કિરીટભાઇ દંડ | - | મંઝલ રેલડીયા | - | ભાંડુપ |
| આસો શુદી ૭<br>મંગળવાર<br>તા. ૧૬-૧૦-૨૦૧૮ | શ્રી નીર્મલાબેન દામજીભાઇ ગાલા | - | કોટડી મહાદેવપુરી | - | ભાંડુપ |
| | શ્રી દેવીયાનીબેન જયેશભાઇ ધરમશી | - | કોઠારા | - | ભાંડુપ |
| | શ્રી હેતલબેન ગીરીશભાઇ ધરમશી | - | કોઠારા | - | મુલુંડ |
| | શ્રી લક્ષ્મીબેન ખેતશીભાઇ છેડા | - | નલીયા | - | ભાંડુપ |
| | શ્રી ચંદનબેન ત્રિકમજીભાઇ મૈશેરી | - | કુવાપધર | - | ભાંડુપ |
| | શ્રી પુષ્પાબેન નલીનભાઇ ખોના | - | રંગપુર | - | ભાંડુપ |
| આસો સુદ ૮<br>બુધવાર<br>તા. ૧૭-૧૦-૨૦૧૮ | શ્રી પુષ્પાબેન મણીલાલભાઇ લોડાયા | - | સાંયરા | - | ભાંડુપ |
| | શ્રી પ્રેમીલાબેન ચંદુલાલભાઇ લોડાયા | - | સુથરી | - | ભાંડુપ |
| | શ્રી રેખાબેન ઉત્તમચંદભાઇ મૈશેરી | - | મોટી સિંધોડી | - | ભાંડુપ |
| | શ્રી ચંદનબેન રાયચંદભાઇ મૈશેરી | - | મોટી સિંધોડી | - | ભાંડુપ |
| | શ્રી વિજલબેન અભયભાઇ (અમીત) ડાઘા | - | વરાડીયા | - | ભાંડુપ |
| | શ્રી દુલારીબેન પંકજભાઇ ગોશર | - | ગોએરસમા | - | ભાંડુપ |
| આસો સુદ ૯<br>ગુરૂવાર<br>તા. ૧૮-૧૦-૨૦૧૮ | શ્રી શીલાબેન માણેકજીભાઇ લોડાયા | - | કોઠારા | - | ભાંડુપ |
| | શ્રી કસ્તુરબાઇ શિવજીભાઇ ખોના | - | સુથરી | - | ભાંડુપ |
| | શ્રી રતનબેન મણીલાલભાઇ નાગડા | - | કોઠારા | - | મુલુંડ |
| | શ્રી વર્ષાબેન હીરાચંદભાઇ શીયાડ | - | જખૌ | - | મુલુંડ |
| | શ્રી પુનમબેન નીરંજનભાઇ નાગડા | - | જખૌ | - | થાણા |
| | શ્રી રમીલાબેન કાંતીભાઇ લોડાયા | - | સાંધવ | - | ભાંડુપ |
| આસો સુદ ૧૦<br>દશેરા<br>શુક્રવાર<br>તા. ૧૯-૧૦-૨૦૧૮<br>બપોરના ૪ થી ૬ | શ્રી દમયંતીબેન કાંતીલાલભાઇ દંડ | - | મંજલ રેલડીયા | - | મુલુંડ |
| | શ્રી રચનાબેન રોહીતભાઇ દંડ | - | સાંધવ | - | ભાંડુપ |
| | શ્રી ખમાવંતીબેન જીવરાજભાઇ દંડ | - | સાંધવ | - | ડોમ્બીવલી |
| | શ્રી ઉમાબેન નરેશભાઇ મૈશેરી | - | લાલા | - | ડોમ્બીવલી |
| | શ્રી પુષ્પાબેન ગોવિંદજીભાઇ મોતા | - | તેરા | - | ભાંડુપ |
| | શ્રી ભારતીબેન ડાયમંડભાઇ મૈશેરી | - | બાંડિયા | - | ભાંડુપ |

૧) શ્રી માતાજી ની ભક્તિ-ભાવના રોજ રાતના ૯.૦૦ થી ૧૧.૦૦ અને દશેરા ના સાંજે ૪ થી ૬

૨) રોજના શરૂઆતના ૧૦૦ નંબર માંથી ૩ લક્કી ડ્રો.

૩) દરેકે જ્ઞાતિજનોની સામે ધાર્મિક પ્રસંગને શોભે એવા અને એવી રીતે વસ્ત્રો પહેરી આવવા.

૪) બહેનોએ ગરબાના તાલ ઉપર ભાવથી રાસગરબા અથવા મટુકડીજ રમવું **(ડીસ્કો કે ગડધો નહીં).**

૫) છએ ભાવીકોને પોતાની આરતી શણગારીને લાવવી. મંડળ ના નિર્ણય મુજબ ૧-૨-૩-૪-૫-૬ ઇનામ રહેશે.

૬) જેને પણ માતાજી ના ગરબા ગાવા હોય તે વહેલા આવીને આગળ બેસે.

૭) અનંતસિધ્ધી સિવાયના ભાવીકોને ભાવના પૂરી થતા કહેશો તો મંડળના ભાઇઓ છોડવા આવશે.

૮) રોજનો પુરો લાભ નામ લખાવનાર ભાવીકો તરફથી જ રહેશે, જેની પૂરી વ્યવસ્થા મંડળ જ કરશે. બાકી કોઇએ કાંઇ લાવવું નહીં.

૯) દર વર્ષની જેમ આ વર્ષે પણ રોજ નો એક એમ દસ દિવસના દસ લક્કી ડ્રો માં જે દસ ભાગ્યશાળી નામ આવશે એ દસ માંથી છેલ્લા દિવસે પાછો એક ડ્રો કાઢી જેનું નામ આવશે એને પાવાગઢ ની યાત્રાએ જવાની (૨) બે ટીકીટ મંડળ તરફથી કાઢી આપવામાં આવશે.

૧૦) સમયની મર્યાદા હોવાથી સૌ જ્ઞાતિજનોએ સમયસર આવી જવું.

**શાસ્ત્રો કહે છે નવરાત્રિમાં બ્રહ્માંડમાંથી નવે નવ દેવીઓ ભક્તોને આશીર્વાદ આપવા મહેર વરસાવવા ધરતી ઉપર પધારે છે. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ ઉપર શ્રી મહાકાળી મૉંની મહેર વર્ષોથી વરસી રહેલ છે. આપણે પણ આપણી ફરજ સમજી શ્રી માતાજી ની ભાવનામાં હાજર રહી ઊિલ્લાસ ને ઊિમંગથી મૉંના ગરબા ગાઇ દુ:ખો તકલીફો દુર કરીએ.**

**"શ્રી માતાજીની ભાવના" કોઇની પણ હોય, વગર આમંત્રણે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો ને પધારવાનું ભાવભર્યુ આમંત્રણ છે.**

લી. શ્રી અનંત મિત્ર મંડળ - ભાંડુપ ના જય મહાકાળી

# મોટી સિંઘોડી નેમિનાથ જિનાલય મધ્યે ઘૃતની ઉછામણી

પર્યુષણ પર્વ ૨૦૧૮ ના વિવિધ ચડાવા - નકરાના
ભાગ લેનાર ભાગ્યશાળી પરિવારોની નામાવલી

**તા.૧૦-૯-૨૦૧૮, સોમવાર બીજ ચૌદ સ્વપ્નનું ઘી**

મોક્ષની બારી : ૭૫૧ શેઠશ્રી નરપાર મેઘરાજ લોડાયા પરિવાર
૧લું ગજવર :- ઝૂલાવવાનું ૧૦૦૧ માતુશ્રી કસ્તુરબાઈ માડણ મૈશેરી પરિવાર
પધરાવવાનું ૭૫૧ અ.સૌ.પ્રભાવંતીબેન પ્રેમચંદ લોડાયા
૨જું વૃષભ (ઋષભ) :- ઝૂલાવવાનું ૮૦૧ માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા
પધરાવવાનું ૮૦૧ માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા
૩જું કેસરીસિંહ :- ઝૂલાવવાનું ૧૬૦૧ માતુશ્રી કસ્તુરબાઈ માડણ મૈશેરી પરિવાર
પધરાવવાનું ૧૨૦૧ શેઠશ્રી માણેકજી ખીયશી મૈશેરી (નાની સિંઘોડી)
૪થું લક્ષ્મીજી :- ઝૂલાવવાનું ૪૦૦૧ શેઠ શૈલેષભાઈ સનતભાઈ લોડાયા
પધરાવવાનું ૫૧૦૧ અ.સૌ. હેમલતાબેન માણેકજી મૈશેરી (નાની સિંઘોડી)
૫મું ફુલની માળા :- ઝૂલાવવાનું ૧૩૧૧ નેહાત શાહ
પધરાવવાનું ૧૦૦૧ અ.સૌ.ધનલક્ષ્મીબેન કિશોર મોતા
૬ઠું ચંદ્ર :- ઝૂલાવવાનું ૧૩૦૧ શેઠશ્રી આણંદજી રતનશી મૈશેરી
પધરાવવાનું ૧૬૦૧ શેઠશ્રી આણંદજી રતનશી મૈશેરી
૭મું સૂર્ય :- ઝૂલાવવાનું ૧૦૦૧ માતુશ્રી રતનભાઈ ભવાનજી લોડાયા
પધરાવવાનું ૧૬૦૧ માતુશ્રી રતનભાઈ ભવાનજી લોડાયા
૮મું ધજા (ધર્મની ધજા) :- ઝૂલાવવાનું ૧૩૦૧ માતુશ્રી નવલબેન સોમચંદ મૈશેરી
પધરાવવાનું ૧૫૦૧ માતુશ્રી રતનભાઈ ભવાનજી લોડાયા
૯મું કુંભ :- ઝૂલાવવાનું ૧૨૦૧ માતુશ્રી મુરબાઈ કેશવજી મોતા
પધરાવવાનું ૧૭૦૧ અમિત મણીકાંત લોડાયા (કોઠારા)
૧૦મું પદમ સરોવર :- ઝૂલાવવાનું ૧૩૦૧ અ.સૌ. યશવંતીબેન મુલચંદ મૈશેરી
પધરાવવાનું ૧૬૦૧ માતુશ્રી પુરબાઈ ઉમરશી મૈશેરી
૧૧મું ક્ષીરસાગર (વહાણ) :- ઝૂલાવવાનું ૩૬૩૬ અ.સૌ. ધર્મિષ્ઠા રોહિતભાઈ રાયચંદ
પધરાવવાનું ૧૭૦૧ માતુશ્રી નવલબેન સોમચંદ મૈશેરી
૧૨મું દેવ-વિમાન :- ઝૂલાવવાનું ૧૬૧૬ અ.સૌ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા
પધરાવવાનું ૧૬૧૬ માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા





**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# મોટી સિંઘોડી નેમિનાથ જિનાલય ઘૃતની ઉછામણી (૧૪મા પાનેથી ચાલુ)

૧૩મું રત્ન રાશિ :- ઝૂલાવવાનું ૧૫૦૧ વિક્રમ મધુરીબેન કાન્તીલાલ મોતા

પધરાવવાનું ૧૫૧૫ શેઠશ્રી આણદજી રતનશી મૈશેરી (સ્પેર ડિઝાઈન)

૧૪મું અગ્નિ :- ઝૂલાવવાનું ૧૫૧૫ માતુશ્રી કુંવરબાઈ રતનશી મૈશેરી

પધરાવવાનું ૧૦૦૧ માતુશ્રી જયાબેન શાંતીલાલ ધરમશી (સાંયરા)

પારણું :

ઝૂલાવવાનું ૧૧૧૧ અ.સૌ. પૂજાબેન ચેતનકુમાર મૈશેરી

પધરાવવાનું ૬૫૧ અ.સૌ. પૂજાબેન ચેતનકુમાર મૈશેરી

આરતી /દીવો ૧૪ સ્વપ્નની ૧૪૦૧ માતુશ્રી રતનભાઈ ભવાનજી લોડાયા.

સૂર્ય, ચંદ્ર દર્શન ૧૦૦૧ માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા








*World is changing rapidly...*

*Todays everything is available on one CLICK at our door steps....*

# KDO B2B

has formed a platform for our own KDO community to
multiply our business Opportunities.

## Lets all take one step to digitise our kdo businesses by connecting them in the thread of KDO B2B.

*Lets transform our businesses by taking them to the next level. And first step is to simply click the link given below and fill up the form as Soon as possible .....*

**b2b.kdosamastamahajan.org**

- first 500 business will be posted free in our website in B2B portal.
- huge business opportunities amongst our community and their contact spheres awaits you. So don't wait and go for it.
- enhance your entraprenuerial skills by being part of eminent KDO business community.



# તિરપુર ક.દ.ઓ. સમાજ સ્વચ્છતા અભિયાનમાં જોડાયો




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તા. ૧૫ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ઘોષિત કરાયેલ 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત મુયારચી મક્કલ અમાઈપુ સંસ્થાએ તા. ૨૩ સપ્ટેમ્બરે તામિલનાડુ રાજ્યના તિરપુર રેલ્વે સ્ટેશનના સફાઈકામનું કર્યુ હતું. જેમાં તિરપુર ક.દ.ઓ. સમાજના સભ્યોએ પણ ભાગ લીધો હતો. આશરે ૭૦ થી ૧૦૦ સભ્યો અને શાળા તેમજ કૉલેજના વિદ્યાર્થીઓ આ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. તિરપુર રેલ્વે સ્ટેશનનું સફાઈ કામ સવારના ૮.૩૦ કલાકે શરૂ થયું હતું. જે બપોરે ૧૨.૩૦ કલાક સુધી ચાલ્યું હતું. આ સફાઈ અભિયાનમાં જોડાવાનો અનુભવ ખૂબ સુંદર રહ્યો એમ સુરેશ વિભાકર અને સતીષ એચ. નાગડાએ જણાવ્યું હતું.






## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# માતુશ્રી લક્ષ્મીબાઈ વીરજી લધ્ધાભાઈ કન્યા છાત્રાલયની બાળાઓની ભવ્ય ધર્મ આરાધના



ઘાટકોપર સ્થિત માતુશ્રી લક્ષ્મીબાઈ વીરજી લધ્ધાભાઈ કન્યા છાત્રાલયની ૫૬ વિદ્યાર્થીનીઓ માંથી ચાર્મી ધનપતિ રતાણી, ધરણી હેમાંશુ અવિઆણી, હેન્શી ચેતન ખોના, ઈશા હર્ષદ લોડાયા, કરીના કમલેશ ખોના, ખુશ્બૂ અરૂણ ડાઘા, ખુશી નિલેશ ડાઘા અને યુક્તા મનોજ નાગડા.

આ ઉપરાંત આ ૭ બાળાઓએ અઠમ કરી હતી. અક્ષતા કાંતિલાલ દંડ, હસ્તિ વીરેશ મોમાયા, હીમાની પરેશ લોડાયા, કિંજલ નિલેશ મોતા, મિરાલી કમલેશ લોડાયા, યુક્તા વીરેશ મોમાયા, વિની દીપક ગોસર.

રવિવાર તા. ૨૩ સપ્ટેમ્બરના કન્યા છાત્રાલયના ટ્રસ્ટીઓ સી.એ.હીરાચંદ દામજી દંડ, સી.એ. નિલેશ શીવજી વીકમશી અને વર્કિંગ કમિટીના પ્રેસિડન્ટ વિમલાબેન હેમરાજ ગોસર, સેક્રેટરી લીનાબેન વિરેન્દ્ર શાહ અને સભ્યો હીના કલ્પરાજ ઘરમશી, મૃદુલા હીરાચંદ દંડ, પ્રીતિબેન રોનક જૈન અને ભારતીબેન નિલેશ વીકમશીની ઉપસ્થિતિમાં તપસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીના વાલીઓ પણ આ પ્રસંગે હાજર હતા. પર્યુષણ દરમ્યાન છાત્રાલયની વિદ્યાથીનીઓ દરરોજ પ્રતિક્રમણ અને ભાવના કરતી હતી.







# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Name : Amar Momaya**



Date of birth: 21/ 06/ 1987

Place of Birth: Hubli, Karnataka

Time of Birth: 13: 05 hrs

Height: 5' 8"

Weight: 72 kgs

Father : Laherchand Narshi Momaya, Hubli

Contact: 9343493747

Occupation: Retired

Kutch: Sayera

Vastipatrak No.: SIMO0200204

Mother: Neelam (Baban) Laherchand Momaya,

Occupation: Home maker

D/o : Raichand Kanji Dhulla,

Kutch : Suthri

Residence: Mulund, Mumbai

Sister: Anjali Ashish Vikamsi

Residence: Vadodara, Gujarat

Kutch: Parjau

11, KDO Apartment, Mahaveer Nagar, Bengeri Extn., Keshwapur Hubli, Karnataka - 580023

E-mail : amar.momaya@gmail.com

**Gyatimaiya KDO Mahajan Code No. B-3**

**Name : Unnati Deepak Lodaya**



Native Place : Moti Khavdi

Date Of Birth : 5Th Oct 1993

Place Of Birth : Goregaon, Mumbai.

Height : 5.3 Feet

Complexion : Medium

Features : Honest, Simple

Education : Ssc, Hsc, Bcom, M.com

Add. Course : Teacher Traning Coures Ece

Profession : Teacher In School & Home Tutions

Address : 202/A, Shiv Ashish C.h.s.ltd, Near Old Achole Hospital, Achole Road, Nallasopara (East), Taluka-Vasai, Dist-Palghar-401209

Mobile : 8551030885/9322438110

E-Mail : Udeeti@Hotmail.com

Father : Deepak Padamshi Lodaya

Mother : Bharti Deepak Lodaya

Dadi/Dada : Late. Hirbai Padamshi Thakarshi Lodaya

Fui- Fua : Pravina Jitendra Dand

Fui : Jugna Padamshi Lodaya

Kaki/Kaka : Chayya Paresh Padamshi Lodaya

Nani/Nana : Late. Premila Rupchand Thakarshi Lapasiya

Mami/Mama : Heena Pankaj Lapasiya

Masi/Masa : Maya Bankim Lakhamshi Lodaya

Nanda Himat Pashvir Lodaya

Chayya Nalin Gulabchand Dhulla

Describe Yourself : Very Simple And Down To Earth, Honesty With A Goal And Good Head On Shoulders

Manglik : No

Horoscope : Yes

Family Tree : Father, Mother, And Myself

**Gyatimaiya KDO Mahajan Code No. G-3**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# તેરા ગામે પખવાજ મંડળોએ રમઝટ જમાવી સંગીત કલાને જીવંત રાખવા પ્રયત્નો કરાયા




શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સમૌજની એક અદ્ભૂત સંગીતકલા ''પખાવાજ'' આજે પણ લોકપ્રિય રહી છે. વિસરતી આ સંગીતકલાને આજે પણ સમાજવાસીઓએ જીવંત રાખી છે.

કચ્છી દશા ઓશવાળ જૈન સમાજની વિવિધ ગામો-શહેરોની પખવાજ મંડળીઓએ તેરા મધ્યે ઉમટી પડ્યા હતા. મુખ્ય આયોજક ક.દ.ઓ. જૈન વડોદરા મહાજન તથા તેરા મહાજન અને શ્રી શાંતિલાલભાઈ કે.લોડાયા, ચંદ્રકાંત ખોના, જયંત પટેલે આ આયોજન માટે લાંબા સમયથી સર્વેને એક મંચ ઉપર એકઠા કરવાની પ્રશંસનીય કામગીરી કરી હતી. જેને સફળતા મળી હતી. પ્રારંભે સૌનું ભાવભર્યુ સ્વાગત શ્રી એસ.કે.લોડાયાએ કર્યુ હતું. ચંદ્રકાંત ખોનાએ વર્ષો જુની પરંપરા જાળવી રાખનાર પખવાજ મંડળોનાં સર્વે સભ્યોને ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

અંતરજાળ-તેરા-કોઠારા-નલીયા-સુથરી-જખૌ-સાયરા-વડોદરા તથા અન્ય ગામોની પખવાજ મંડળીઓએ સ્તવનો રજુ કરી તબલા, હાર્મોનિયમ અને જાંજનાં વાજિંત્રો સાથે રમઝટ જમાવી સૌને પ્રભુભક્તિમાં તળબોળ કર્યા હતા. મુંબઈ






# તેરા ગામે પખવાજ મંડળોએ રમઝટ જમાવી... (૨૦મા પાનેથી ચાલુ)





મહાજનશ્રી અધ્યક્ષ કલ્પેશભાઈ મોતા તથા રમેશભાઈ દંડ, નરેન્દ્રભાઈ દંડ, નરેન્દ્ર ખોના, શામજીભાઈ છેડા, મહેન્દ્રભાઈ ખોના, ગોવિંદભાઈ રતાણી, નરશીંભાઈ લોડાયા તથા સમાજનાં આગેવાનોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું. મયુરભાઈની આગેવાની હેઠળ અંતરરાજાળનાં નવયુવાનોએ પખવાજ સંગીતકલાને ટકાવી રાખવી આ સંગીતકલામાં ભારે રસ દાખવ્યો હતો. મુંબઈ,અમદાવાદ, જામનગરથી રસીકો પખવાજ મંડળીમાં જોડાયા હતા.

૮૭ વર્ષનાં કોઠારાનાં હીરાલાલભાઈ જીવાણીએ તથા ૮૭ વર્ષીય સામજીભાઈ છેડાએ પખવાજ સ્તવન ગાઈ સૌને ખુશ કર્યા હતા. તો ગોવાથી ભરતભાઈ દંડ ખાસ પધાર્યા હતા. ગોવામાં મહિલા પખવાજ ટીમતૈયાર થઈ છે. જેમણે તાજેતરમાં મુંબઈ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

શ્રી પ્રબોધ મુનવરે આયોજકોનાં આયોજનને બિરદાવી અભિનંદન પાઠવી દર વર્ષે આવું આયોજન જુદા-જુદા ગામોમાં કરવા સૂચવ્યું હતું. કાર્યક્રમનાં અંતે વડોદરા અને તેરા મહાજનો સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓએ પણ કાર્યક્રમનાં અંત સુધી રસ દાખવ્યો હતો.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વોટ્સએપ પર મોકલો
9769991922
9820302853
9322257731



• Exclusive Gharchola
• Bandhani
• Patola • Panetar
• Chaniya Choli
• Designer Saree
જ્યોતિ
Silk Saree Emporium
28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા મધ્યે પર્યુષણ પર્વની ધર્મ આરાધના





આ વર્ષે પર્વ પર્યુષણમાં પ.પૂ.સા.ભ.શ્રી જયકીર્તિશ્રી મ.સા.ના માર્ગદર્શને શાતાપૂર્વક આરાધના કરવામાં આવી. બહારગામથી કુલ ૬૦ જણ પધારેલા રોજ ધાર્મિક અનુષ્ઠાનો/ વ્યાખ્યાનમાં ૨૦૦ જણની હાજરી રહેતી હતી.

પર્યુષણના પ્રથમ દિવસે જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા અને માતુશ્રી કુંવરબાઈના બાવલાઓનું અનાવરણ કરવામાં આવ્યું હતું. પર્વ દરમ્યાન મહાજનશ્રી તરફથી સંઘરસોડાની વ્યવસ્થા રાખવામાં આવેલ. સપનાનું ધૃત ૧,૭૦,૦૦૦ મણ થયેલ ત્યા કુલ ધૃત ૨,૦૩,૦૦૦ મણ થયેલ.











# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા.. (૨૨મા પાનેથી ચાલુ)





કલ્પસૂત્રશ્રી પ્રફુલ આણંદજી ગોશરે પધરાવેલ અને પારણાના લાભાર્થી હતા અ.સૌ.દિવ્યા ભવ્ય લોડાયા.

અ.સૌ. મનિષા મહેન્દ્ર નાગડાએ ૧૧ ઉપવાસ અને અ.સૌ ચેતના સંજય મોતા તથા નિલેશ જેઠાલાલ લાપશિયાએ ૮ ઉપવાસની તપશ્ર્યા કરેલ તન-મન ટુર તરફથી તપસ્વીઓને શિખરજી યાત્રા પ્રવાસના લકી ડ્રોના વિજેતા અ.સૌ. મનિષા મહેન્દ્ર નાગડા જાહેર કરાયા હતા.












જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ડિસેમ્બર માસમાં છ'રી પાલિત યાત્રા સંઘની જાહેરાત





આજ્ઞા પ્રદાતા, આશિષ પ્રદાતા, સંઘ શિરછત્ર, તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના વિજય સામ્રાજ્ય જયવંત સાથે આગમાભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિજી મ.સા.ની નિશ્રામાં અધ્યાત્મયોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજીના પ્રેરણાથી પ.પૂ.યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી વસઈ અચલગચ્છ જૈન સંઘ દ્વારા ૧૨ ડિસેમ્બરથી ૧૭ ડિસેમ્બર ૨૦૧૮ સુધી છ દિવસની પગપાળા યાત્રા વસઈથી માનસ મંદિર. શહાપુર તીર્થ સુધીની છ'રી પાલિત યાત્રાની ઉદઘોષણા કરાઈ છે જેના સંઘપતિ માતુશ્રી ગુણવંતીબેન-રમીલાબેન લાલજી ગડા પરિવાર ગામ દેવપુર તથા માતુશ્રી અમૃતબેન શામજી છેડા પરિવાર લાયજાએ લાભ લીધેલ છે. પૂજ્ય ગુરૂદેવ આ સંઘનો મુહૂર્ત આજ્ઞા પત્ર સંઘપતિ સાથે વસઈ સંઘને પ્રદાન કર્યું.





## કાંજુરમાર્ગ સંઘમાં ધર્મ આરાધના કરનાર તપસ્વીઓની અનુમોદના






## અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના અધિકારીઓનું ગઢશીશા મહાજન દ્વારા સન્માન




# જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ  જ્ઞાતિજનો જોગ,**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના દરેક મહાજનોને જ્ઞાત જ હશે કે આપણી જ્ઞાતિનું ચર્તુથ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓ તથા સૌ જ્ઞાતિજનોના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું. આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે સામેલ થવા માટે આપણા દરેક મહાજનોને પત્ર સાથે ફોર્મ મોકલેલ છે. 'દર દશ (૧૦) ઘર દીઠ એક પ્રતિનિધિ' મુજબ પ્રતિનિધિની નિમણુંક કરવાની હોઈ આપના સ્થાનિક મહાજનનો સંપર્ક કરી આપનું પ્રતિનિધિ તરીકેનું ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેશો તથા દરેક મહાજનશ્રીઓને પણ વિનંતી છે કે તેઓ પ્રતિનિધિના ફોર્મ ભરીને જલ્દીથી જલ્દી શ્રી સમસ્ત મહાજનની મુલુંડ ખાતેની ઓફીસે મોકલશો. શરતચૂકથી અગર કોઈ મહાજનને ફોર્મ ના મળી શક્યું હોય તો તેઓ gyatimaiya2018@gmail.com પર પોતાની mail id પર થી mail કરશો તો તમોને તુરંત ફોર્મ મેલ દ્વારા મોકલી શકીશું. આ સંમેલનમાં નારી શક્તિ ૨૦૧૮ તથા યુથ ફેસ્ટ ૨૦૧૮નું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે ગુગલ ફોર્મની લીંક આ અંકમાં સામેલ હોઈ જલ્દીથી જલ્દી રજીસ્ટર કરી આપનું સ્થાન સુનિશ્ચિત કરી લેશોજી.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ :

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન,**

૨, બી-વિંગ, કૃષ્ણકુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

**સંપર્ક : મનિષ લોડાયા : ૯૭૬૯૯૯૧૯૨૨**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બેંગલોર દ્વારા પર્યુષણ પર્વની ભક્તિ આરાધના





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ૩૭મી પર્યુષણ પર્વની તપ આરાધના ‘‘કચ્છી ભવન’’ માં તા:૫-૯-૨૦૧૮ થી ૧૪-૯-૨૦૧૮ સુધી ધૂમ-ધામથી કરવામાં આવી હતી. પર્યુષણની આરાધના કરાવવા મુંબઈ થી તત્વોપદેશક શ્રી નીખિલભાઈ હરિયા, શ્રી પલક ભાઈ છેડા અને શ્રી નામનભાઈ ગાલા પધારેલ.

તા.૫-૮-૨૦૧૮ ના સવારના ચિકપેટથી લાવેલ શ્રી વિમલનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાન ને વાજતે-ગાજતે કચ્છી ભવન માં પધારવામાં આવ્યા. પ્રભુજીને પધરાવાનો લહાવો શ્રી દિનેશ ભાઈ મુળજી પીર તથા પોંખવાનો લાભ શ્રી પ્રફુલભાઈ જયંતીલાલ ખોના પરિવારે લીધેલ.

ત્યાર બાદ પ્રભુજી ની સ્નાત્ર પૂજા ભણાવવામાં આવેલ જેના પછી શ્રી નિખિલભાઈએ પર્યુષણ ની મહિમા અને આંઠ દિવસ ના પ્રવચનની રુપરેખા આપેલ. તે દિવસે સાધર્મિક ભક્તિનો લાભ શ્રી પ્રફુલભાઈ જયંતીલાલ ખોના પરિવારે લીધેલ.

સાંજે મહાકાળી માતાની ભક્તિ-ભાવના રાખવામાં આવેલ જેના પછી તત્વ કુંડ - જ્ઞાન ચર્ચા (વિષય: Celebrating the joy of Detachament) રાખવામાં આવેલ.

શ્રાવણ વદ અમાવસ તા.૦૮-૦૯-૨૦૧૮ શનિવાર ના દિવસે પોથીનો વરઘોડો શ્રી સતિષભાઈ દેવજી મૈશેરી પરિવાર ના ઘરે વાજતે-ગાજતે લઈ જવામાં આવેલ. બપોરના સાધર્મિક ભક્તિ નો લાભ શ્રી રવિન્દ્રભાઈ હરીશ મુનવર તથા શ્રી વિશાલભાઈ પ્રફુલ નાગડા પરિવારે લીધેલ. રાત્રે ભક્તિ-ભાવના પછી તત્વ કુંડ જ્ઞાન ચર્ચા અને પોથીનો જાગરણ રાખવામાં આવેલ.

ભાદરવા સુદ એકમ તા.૯-૯-૨૦૧૮ રવિવારના બપોરે ૩:૩૦ વાગે શ્રી અર્હદ મહાભિષેક પૂજન રાખવાં આવેલ જેમાં વિશિષ્ટ પ્રકાર ની ઔષધી ના જલ થી પ્રભુજી નો પક્ષાલ કરવામાં આવેલ.

ભાદરવા સુદ બીજ તા.૧૦-૯-૨૦૧૮ સોમવાર ના સવારના ૧૦:૩૦ વાગે ચૌદ સ્વપ્ન મહોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં ભગવાન મહાવીરનાં જન્મ વાંચન વખતે ચૌદ સ્વપ્નોની અને પ્રભુજીનાં પારણાં ની બોલી બોલવામાં આવેલ. પ્રભુજીનો પારણો શ્રી પરેશભાઈ ધનજી ધરમશી પરિવારે લીધેલ. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ માતૃશ્રી નવલબેન દેવજી મૈશેરી પરિવારે લીધેલ. રાત્રે ભક્તિ ભાવના પછી પારણા નો જાગરણ રાખવામાં આવેલ.

ભાદરવા સુદ પાંચમ તા.૧૩-૯-૨૦૧૮ ગુરુવારના સવારનાં બારસા સુત્ર વોરાવવાનો તથા પાંચ જ્ઞાન પૂજનની બોલી બોલાવવામાં આવેલ. જ્ઞાન પૂજન પછી બારસા સુત્રનું વાંચન કરવામાં આવેલ જેના પછી શ્રી સંભવનાથ દેરાસર BTM લેઆઉટ માં ચૈત્ય પરિપાટી લઈ જવામાં આવેલ. સાંજે ૪ વાગે સાવંત્સરી પ્રતિક્રમણ કરવામાં આવેલ જેમાં સર્વે મળીને વર્ષ દરમિયાન કરેલ પાપો માંટે મન-વચન-કાયા થી સર્વે જીવોને ખમાંવેલ. સાંજે સામુહિક સાંજીનું કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં સર્વે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. આ વર્ષે શ્રીમતી Manisha Dhirish Momaya, Viraj Paresh Dharamshi, Avani Paresh Dharamshi, Aditya Jayesh Nagda , શ્રીમતી Neela Prashant Khona, શ્રીમતી Bhavana M Lodaya, શ્રીમતી Hina Navin Dharamshi એ અઠ્ઠાઈ તપ

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બેંગલોર દ્વારા પર્યુષણ પર્વની ભકિત આરાધના (૨૯મા પાનેથી ચાલુ)





કરેલ. તે સિવાય છઠ્ઠ અને અઠ્ઠમ પણ સારી સંખ્યામાં થયેલ. ભાદરવા સુદ છઠ તા.૧૪-૯-૨૦૧૮ શુક્રવારના સવારના સામુહિક પારણાં રાખવામાં આવેલ  જેનો લાભ શ્રીમતી પુષ્પાબેન પ્રવિણચંદ્ર લોડાયા પરિવાર એ  લીધેલ. જેના બાદ સામુહિક ક્ષમાપના નો કાર્યક્રમ કરવામાં આવેલ. ત્યારબાદ આરાધકોનું બહુમાન, કાર્યકર્તાઓ નું બહુમાન કરવામાં આવેલ. ભક્તામર લક્કીડ્રો ના ઇનામ શ્રી સુનિલભાઈ ખેતસી ખોના પરિવાર તરફથી આપવામાં આવેલ.

ત્યારબાદ પ્રભુ મહાવીરનો પારણાનો વરઘોડો કાઢવામાં આવેલ અને બપોરના સકળ સંઘે સ્વામી વાત્સલ્ય જમણનો લાભ લીધો હતો.  પર્વ દરમ્યાન ધાર્મિક ક્વિઝ, બાળકો દ્વારા સ્કીટ અને અન્ય ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવેલ.

પર્યુષણ મહાપર્વ ખુબ ઉત્સાહ, ઉમંગ અને ધૂમ-ધામ થી ભક્તિ અને ધર્મ આધના કરવામાં આવેલ.




*Chandresh Somchand Lodaya*
*(+91) 98671 70789 • 98671 70794*



MA OM PARIVAHAN PVT. LTD.
WORK IS WORSHIP

**Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394**
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com

❖❖❖ **WAREHOUSE** ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
**M. : 9867170790 / 781**




● અબડાસા તાલુકાને ઓરી મુક્ત કરવા માટે એક જાગૃતિ બેઠક જેમાં સરપંચો, જીલ્લા તાલુકા પંચાયતના સદસ્યો, આગેવાનો જીલ્લા વિકાસ અધિકારીના આયોજનથી મળી હતી. જેમાં રસીકરણથી વંચિત બાળકોને જીગૃત કરવા માર્ગદર્શન અપાયું. ઓરી રૂબેલા રસીકરણથી વંચિત બાળકોમાં રસીકરણ થાય તે માટે જનજાગૃતિ અંગે પગલાં લેવા માહિતી અપાઈ હતી.

●આશપુરા માતાજીની પ્રાગટ્ય સ્થાન લખપત તાલુકાના માતાના મઢમાં પરંપરાનુસાર શારદી નવરાત્રી મહોત્સવનો ઘટ સ્થાપન તા. ૯ ઓક્ટોબર મંગળવારે રાત્રે ૮.૩૦ કલાકે કરાશે નવરાત્રી પ્રારંભ આસો સુદ એકમ તા. ૧૦ ઓક્ટોમ્બરથી થશે હવન તા.૧૬ ઓક્ટોમ્બર મંગળવારે રોજ ૮.૩૦ કલાકે પ્રારંભ થઈ રાત્રે ૧૨.૩૫ વાગ્યે શ્રી ફળ હોમાશે તા. ૧૭ ના બુધવાર રોજે પતરી જાતર મહારાવજીના રાજ કુટુંબના સભ્યો ભાવિકો તરફથી લેવાશે.

● સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા સંલગ્ન ગુજરાત સ્ટેટએકવેટિક એસોસિયેશનના ઉપક્રમે અમદાવાદ ખાતક મિસ્ટર ગુજરાત સ્ટેટ માસ્ટર્સ સ્વિમિંગ ચેમ્પિયનશીપ યોજાઈ. જેમાં ભુજના જાણીતા તરવૈયાઓએ વિવિધ કેટેગરી સ્પર્ધામાં શાનદાર દેખાવ કરી આઠ ગોલ્ડ સહિત ૧૬ ચંદ્રક ગજવે કર્યા હતા. આગામી માસે ઓલ ઈન્ડિયા માસ્ટર્સ સ્વિમિંગ સ્પર્ધા આંધ્રપ્રદેશના વિશાળા પદમજીમાં યોજાશે તેમાટે પસંદગી થયા હતા.

● દરવર્ષ જખૌ કોસ્ટ દ્વારા ૧૫મી સપ્ટેમ્બરના યોજાતા સફાઈ અભિયાન કાર્યક્રમ જખૌ સોલ્ટ ખાતે કોસ્ટગાર્ડના પ્રાંગણમાં સી.ઈ.ઓ. અવતાર સિંઘના પ્રમુખ પદે યોજાયો. સમુદ્રમાંથી પર્યાવરણને નુકશાન કર્તા પ્લાસ્ટિક અને અન્ય વસ્તુઓ કિનારે આવે છે. જે ગત વર્ષે ૮૧ હજાર ટન જેટલો કચરો એકત્ર કરીને નાશ કરાયો હતો. એવી માહિતી અપાઈ હતી. જખૌ મરિન પોલીસ વડા હરદીપ સિંહ જાડેજા, વી.એલ. હાઈસ્કૂલ નલીયાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ કેન્દ્રીય વિદ્યાલય એરફોર્સ સ્કૂલ તથા તેમનો સ્ટાફ આ સફાઈ અભિયાનમાં જોડાયા હતા.

● માંડવી તાલુકાના બિદડા ગામે રાધિકા ટ્યૂશન ક્લાસીસ દ્વારા ગરીબ મધ્યમ પરિવારના ટયુશન ફી ભરવા અસક્ષમ બાળકો માટે ધોરણ ૧ થી ૧૦ ના છાત્રો માટે નિઃશુલ્ક વર્ગ શરૂ કરાયા છે. જેનું સંચાલન રાધિકા કલાસીસના વ્યવસ્થાપક પ્રોફેસર હીના સંધાર, રાધિકા લગ્ન કેન્દ્રના સંચાલિકા ગીતાબેન પટેલ કરશે.

● ગણપતિ ઉત્સવના માધ્યમથી લોકોના દુઃખ દર્દમાં સહયોગી થવાના ઉદેશથી રઘુવંશી ઉત્કર્ષ મંડળના સહયોગે વિવિધ વિસ્તારોમાં સાર્વજનિક રીતે ઉજવાતા ગણેશ ઉત્સવના પંડાલોમાં ડાયાલિસીસના દર્દીઓને મદદ રૂપ થવા દાનપેટી વિતરણ કરાયું. છેલ્લા સાત વર્ષથી ડાયાલિસીસ દર્દીઓ માટે સેવા કરતા મિતેશ શાહ દ્વારા દરેક ધર્મના કાર્યક્રમો દરમ્યાન દાનપેટીઓનું વિતરણ કરી તેના માધ્યમથી દાન એકત્ર કરાવામાં આવે છે.

● સિંધની સુમરીઓનું શિયાળ બચાવવા આજથી ૭૧૯ વર્ષ પૂર્વે આજના દિવસે પોતાનું બલિદાન આપનાર અબડાસા તાલુકોજેના નામથી ઓળખાય છે. એવા વીર-જખરાજજી ઉર્ફે જામ અબડા અડભગની પુણ્યતિથિ-બલિદાન દિવસની ઉજવણી રામપર (અબડા) ગામ પાસે આવેલી તેમની ખાંભીપર વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા. મૂળ જખૌના હાલ રાજકોટ રહેતા જામ અબડા રણજીતસિંહના મુખ્ય યજમાન પદે કરણ સિંહના હસ્તે ધ્વજારોહણ હોમ-હવન, પૂજા, આરતી સહિતના કાર્યક્રમો થયા. જખૌ સરપંચ લાખાજી અબડા, આમરજી અબડા, હરસિંગજી અબડા, રતનજી અબડા અહિત અડભંગ વંશમે અને ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતા.

● ભુજના આરાધના ભવન જૈન સંઘના આંગણે સાધ્વી હંસ કીર્તિશ્રીજી મ.સા.ની ૯૪૬મી ઓળી પૂર્ણ થતા આયંબિલ તપની ઓળીમાં નવો કીર્તિમાન સ્થાપિત થયો હતો. તપની અનુમોદનાર્થે સંભાવનાથ જિનાલયથી વાજતેગાજતે શોભા યાત્રા નીકળી હતી. ૧૨ વર્ષની બાળ વયથી ૪ તમામ વનસ્પતિ મીઠાઈ મેવા આદિનો આજીવન ત્યાગ કરનાર સાધ્વી હંસકીર્તિશ્રીજી મ.સા.એ આયંબીલ તપની ઓળીમાં નવો કીર્તિમાન સ્થાપિત કરી જિનશાસનનું નામ રોશન કર્યુ. તેમના પારણા નિમિત્તે વિવિધ અનુષ્ઠાનોનું આયોજન કરાયુ હતું.

# પ્રતિભાવ : જ્ઞાતિમૈયા નામ જ એવું કે જે સૌને ગમે, સૌને વ્હાલું, સૌને પ્યારૂં



સમસ્ત મહાજનના નેજા હેઠળ બહાર પડતું એક જ્ઞાતિમૈયાએ ખુબજ અલ્પ સમયમાંજ લોક ચાહના મેળવી લીધેલ છે. આકર્ષક લેઆઉટ સાથે ગામે ગામના જ્ઞાતિના વિગતવાર સમાચારો અને તેપણ વિનામૂલ્યે, ખરેખર ધન્યવાદ પાત્ર છે. જ્ઞાતિમૈયાના કાર્યકરોની ટીમને અભિનંદન.

હાલમાંજ Jobfare (નોકરી-મેળો) મુંબઈમાં ગોઠવી આપણા બાળકોને સારી જગ્યાએ નોકરી મળી રહે તે બાબત પ્રયત્નશીલતા દાખવી તે બદલ સમસ્ત મહાજનની ટીમને ધન્યવાદ. સમાચારો પણ ત્વરીત રીતે કામ આવે અને હવે સગપણ સેતુ દ્વારા જ્ઞાતિના વડીલો માટે એક ચિંતાજનક વિષય બની રહેલ છે. તેમાં સહાયતા કરવાનો અભિગમ અભિનંદનને પાત્ર છે.

આગળ જતા શિશુ-મહેલ, વનિતા વિશ્વ જ્ઞાતિના ઊગતા કવિઓ લેખકોને પ્રોત્સાહન મળે એ દિશામાં આગળ વધશો એવી આશા રાખું છું. કચ્છ નલીયામાં જ્ઞાતિ સંમેલન માટે જે પ્રવૃતિશીલ વલણ અને આપણી કાર્યશૈલી પણ ધન્યવાદને પાત્ર છે.

જ્ઞાતિમૈયા સતત ચાલતું રહે એવી અભિલાષા સેવું છું. સોમવાર આવે અને જ્ઞાતિમૈયાનો તાજો પી.ડી.એફ. અંક જોવા આતુરતાને રોકી શકતો નથી જ્ઞાતિમૈયાની ઉત્તરોત્તર પ્રગતિ થાય અને જ્ઞાતિ સંમેલન મળે એવી અભિલાષા સાથે.

**– શાંતિલાલ રામજી લાલકા (હુબલી) (ક.દ.ઓ.જૈન મહાજન ટ્રસ્ટી)**



## જીવન ઘટમાળ

**● જન્મ નોંધ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૮-૨૦૧૮ | ડોંબિવલી | પાહિની ધ્વની પ્રિયેશ મહેન્દ્ર પીર | સુથરી | પુત્રી |

**● મરણ નોંધ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૯-૨૦૧૮ | કોઠારા | વનિતા દામજી નાગડા | કોઠારા | ૫૦ |
| ૨૪-૦૯-૨૦૧૮ | વડોદરા | પુષ્પા લક્ષ્મીચંદ લોડાયા | કોઠારા | ૭૯ |
| ૨૬-૦૯-૨૦૧૮ | થાણે (૫) | ખીમચંદ દામજી ધમરશી | જખૌ | ૮૨ |
| ૨૬-૦૯-૨૦૧૮ | અમદાવાદ | રમીલાબેન અનુપચંદ નાગડા | નલિયા | ૭૬ |
| ૨૭-૦૯-૨૦૧૮ | ઘાટકોપર (૫) | ગૌતમ હિરાચંદ મોતા (પટેલ) | તેરા | ૪૦ |
| ૨૮-૦૯-૨૦૧૮ | ભુજોડી | સરોજ મુકેશ લોડાયા | સુજાપુર | ૪૧ |
| ૨૯-૦૯-૨૦૧૮ | કોપરખૈરણા | રતનબાઈ રાઘવજી મોતા | લાખણીયા | ૭૫ |


**જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ**

**www.kdosamastamahajan.org**







**આમાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે**

**પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

# SHREE K.D.O STUDENTS ASSOCIATION

Organise Gujarati Natak

K.D.O STUDENTS ASSOCIATION ESTD. -1954




Sponsored By

HD FIRE PROTECT®

PROTECTING WHAT MATTERS MOST TO YOU

6th Oct, 2018 - 6:30PM

@ Sivaswamy Auditorium,

Fine Arts Society, Chembur

₹30/- Member's

₹100/- Non-Member's

| | | |
|---|---|---|
| MASJID BUNDER | 9967380347 | MEET MEISHERI |
| WADALA | 9619876560 | CHIRAG LODAYA |
| MATUNGA | 9833779530 | HETAL LODAYA |
| GHATKOPAR | 9769411010 | LEENABEN LODAYA |
| KANJURMARG | 8286333012 | KEVIN LODAYA |
| BHANDUP | 9769207563 | HARSHITA POLADIA |
| MULUND (EAST) | 7208787590 | VARUN LAPASIYA |
| MULUND (WEST) | 9769502277 | EKTA LODAYA |
| MULUND (WEST) | 9867167387 | STITCH ELL |
| THANE | 9757296740 | LABDHI LODAYA |
| VASHI | 8879438964 | BHAVYA DAND |
| DOMBIVLI (EAST) | 8655825821 | PRINCE DHARAMSHI |
| DOMBIVALI (WEST) | 8898451456 | SHUBHAM LAPASIA |
| REST MUMBAI | 7777006072 | ASHWIN LODAYA |

SHREEKDOVS@GMAIL.COM | / SHREEKDOVS

HEMIL JAYESH DAND (PRESIDENT)

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*
## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL


**Gyatimaiya**
Weekly E-magazine